પૂર્વછાયો- વડા ભક્ત વાકળમાં, અતિ મહાત્મી મન ઉદાર ।
હરિ હરિજન ઉપરે, જેના પ્રેમનો નહિ પાર ॥૧॥
મન કર્મ વચને કરી, હરિભક્તિ ઉપર ભાવ ।
તન મન ધન વડે, સંત સેવવા ઉચ્છાવ ॥૨॥
જેવા જન વાકળના, તેવા જ કાનમમાંઇ ।
વિશવાસી વિકાર વિના, કપટ છળ નહી કાંઇ ॥૩॥

સદા એ જન સુખીયા, જેને પ્રકટ પ્રભુશું પ્રીત ।
એવા જન અમળનાં, હવે લખું નામ કિંચિત ॥૪॥

ચોપાઇ- વડાભક્ત વડોદરામાંઇ, જેને અતિહેત હરિમાંઇ ।
કણબી ભક્ત કહીએ વનમાળી, જેણે બીક જગતની ટાળી ॥૫॥
નાથજી ને વળી વનમાળી, પ્રભુદાસની ભાવના ભાળી ।
ભગવાનદાસ ને કેસુર, પીતાંબર ભુખણ જરૂર ॥૬॥
જગ જીવનને નારાયણ, પ્રભુ પુરુષોત્તમ ઘેલો જાણ ।
એહઆદિ કણબી અપાર, ભજે નારાયણ નરનાર ॥૭॥
દ્વિજભક્ત નાનોભાઇ નામ, ભજે હરિ તજી મનકામ ।
રામચંદ્ર હરિચંદ્ર ભાઇ, શોભારામ કહીએ શાસ્ત્રીમાંઇ ॥૮॥
બાપુ જેઠો ને વ્રજજીવન, ભક્ત બ્રાહ્મણમાં ધન્ય ધન્ય ।
સદાશિવ ધનેશ્વર નામ, ભક્ત ખુશાલ લક્ષ્મીરામ ॥૯॥
એહ આદિ દ્વિજ અપ્રમિત, સરવેને શ્રીસ્વામીશું પ્રીત ।
શેઠ પ્રભુદાસ હરજીવન, બાપુભાઇ પ્રેમાનંદ જન ॥૧૦॥
વૃદાવન ગંગાદાસ વણિક, ભજ્યા હરિ તે કરી વિવેક ।
કાછિયો પુરુષોત્તમ જન, જેણે નિજકુળ કર્યું પાવન ॥૧૧॥
ખુશાલ ભાઇજી રણછોડ, હરિ જેરામ ઇશ્વર જોડ ।
પ્રેમીભક્ત છે વામનજી ભાઇ, એહઆદિ છે કાછિયામાંઇ ॥૧૨॥
જન તંબોળી છે નાનબાઇ, તેના સુત નારાયણભાઇ ।
દક્ષણી ભક્ત નારાયણ રાઓ, ઢંઢુરાઓનો ઢળિયો દાવો ॥૧૩॥
ચિમનરાઓ પ્રભુ દ્વિજ એક, જાણે સાર અસાર વિવેક ।
દક્ષણી ભક્ત છે અંબાબાઇ, દ્વિજ દક્ષણી દાજીબાભાઇ ॥૧૪॥
શિલાટ ફતોજી તારાચંદ, મોતી હિરજી ને અમીચંદ ।
ખત્રિભક્ત નથુ અંબારામ, પુરુષોત્તમ દયારામ જેરામ ॥૧૫॥
નંદલાલ તારાચંદ નામ, ભક્ત સોની સારો ગંગારામ ।
ભક્ત સુતાર છે ધર્મદાસ, જેને પ્રભુનો છે વિશવાસ ॥૧૬॥
ભક્ત લુવાર મુળજી નામ, હરિજન લુવાણો જેરામ ।

બેચર આદિ જણસાળી જન, કરે સ્વામી શ્રીજીનું ભજન ॥૧૭॥
એહાદિ બહુ બાઈ ભાઈ, વસે શહેર વડોદરામાંઈ ।
જોઈ અનંત પર્ચા ચમત્કાર, રહે મગન મને નરનાર ॥૧૮॥
કણબી ભક્ત પ્રાગજી દાજી, વસે ગામ શિશુવેરે રાજી ।
કોળી ભક્ત બાજીભાઈ કહીએ, એહ ગામ આંબોદરે લહીએ ॥૧૯॥
કણબી ભક્ત છે માવજીભાઈ, કાજુ જન રહે કપુરાઈ ।
કણબી ભક્ત પ્રભુદાસભાઈ, હરિજન એક લાડુબાઈ ॥૨૦॥
ભક્ત મેતર રામો છે નામ, એહ જન વસે છાંણી ગામ ।
કણબી ભક્ત ગણેશજી જાણો, કોળીભક્ત કરાર પ્રમાણો ॥૨૧॥
શેઠ ભક્ત મોરારજી ભાઈ, એહાદિ જન સાંકરદામાંઈ ।
કોળીભક્ત કાનજીભાઈ કહીએ, પ્રતાપસિંઘ અણઘડે લહીએ ॥૨૨॥
કણબી ભક્ત દયાળજીભાઈ, જાદવ રણછોડ વજો દેસાઈ ।
બાજી ઝવેર પુરુષોત્તમ, બાઈ સાકર ને વળી પ્રેમ ॥૨૩॥
કોળી ભક્ત બાજી નારભાઈ, વસે ગામ એ ગોરવામાંઈ ।
કણબી ભક્ત રુગનાથ નામ, જીજી વિકલ લક્ષ્મીરામ ॥૨૪॥
ભક્ત નરહર ને કાશીભાઈ, હરિજન છે રળિયાતબાઈ ।
ભક્ત સુતાર ગિરધર ગણીયે, કોળી જોરો ઉમેદ ભણીયે ॥૨૫॥
કૃષ્ણ માળી ને મુળો મેતર, એનાં છે અટલાદરે ઘર ।
પટેલ ભક્ત કહીએ વ્રજભાઈ, ભક્ત અજુભાઈ ને દેસાઈ ॥૨૬॥
દાજી ગિરધર ભગવાનદાસ, જોરો રણછોડ જગથી ઉદાસ ।
હરિજન છે ગલાલ બાઈ, મોટીબાની પ્રીત પ્રભુમાંઈ ॥૨૭॥
એહઆદિ બાઈ ભાઈ લહીએ, વસે ભક્ત ઘણા કરાલીયે ।
કોળી ભક્ત પ્રતાપ નિદાન, સમિયાળે કણબી ભગવાન ॥૨૮॥
કણબી ભક્ત બાજી મોરારજી, વસે ડભાસામાં દંભ તજી ।
કણબી ભક્ત નારાયણ નામે, સારો જન સેજાકુંવે ગામે ॥૨૯॥
ક્ષત્રિભક્ત બાપુભાઈ વળી, કણબી લક્ષ્મણ રહે પિપળી ।
દ્વિજ હરિજન મનોહર, આમળે જન ગૌરીશંકર ॥૩૦॥

દ્વિજ રામચંદ્ર ને નાગજી, ત્રિકમજીએ તૃષણા તજી ।
શેઠ ભક્ત છે અંબાવીદાસ, ગિરધરભાઈ ભજે અવિનાશ ॥૩૧॥
દાજી ગિરધર કણબી જન, દ્વિજ બાઈ જીવી ને રતન ।
એહઆદિ જન બાઈ ભાઈ, વસે ગામ સરસવણીમાંઈ ॥૩૨॥
કણબી બાઈ છે ડાઈ કુંવર, ભજે હરિ રહે વિરપર ।
કણબી ભક્ત ઉધ્ધવ રેવાદાસ, ભવાનીદાસ પ્રભુને પાસ ॥૩૩॥
પુરૂષોત્તમ જીજીભાઈ જન, નરહર ગિરધર પાવન ।
ભક્ત દેવદાસ ને ત્રિકમ, પડી શંકરને સાચી ગમ ॥૩૪॥
ભગવાનદાસ વ્રજભાઈ, નારાયણ એક બેઉ ભાઈ ।
દ્વિજ ભક્ત બાપુભાઈ કહીએ, એહાદિ જન ઈંટોલે લહીએ ॥૩૫॥
કણબી ભક્ત માધોભાઈ નામે, ભજે હરિ રહે વરણામે ।
કણબી ભક્ત છે ગરીબદાસ, કેશવદાસે તજી જુઠી આશ ॥૩૬॥
દ્વિજ ભક્ત કહીએ કાશીરામ, જગજીવન સાપોર ગામ ।
ભક્ત વણિક હરજીવન, ખુશાલ તુલસી હરિજન ॥૩૭॥
નરોત્તામ આદિ છે વણિક, ભક્ત લુવાર બેચર એક ।
એહ આદિ જન જે કહેવાય, વસે ગામ રામનાથ માંય ॥૩૮॥
દ્વિજ ભક્ત છે રામશંકર, રતનેશ્વર ભક્ત બેચર ।
કણબી ભક્ત ગિરધર આદે, એહ ભક્ત રહે ગામ સંવાદે ॥૩૯॥
દ્વિજભક્ત એક ભગવાન, વસે ગામ સલાડ્યે નિદાન ।
કણબી ખુશાલ ગોવિંદભાઈ, પુરુષોત્તમ મંડાળા માંઈ ॥૪૦॥
દ્વિજભક્ત શિવશંકર ભાઈ, ભક્ત કુબેર રહે ગામ પિસાઈ ।
ભક્ત ભગવાન છે કુંભાર, રહે અબીપર ગામ મોઝાર ॥૪૧॥
અલોચન ને કેવળ સોઈ, દ્વિજ કરુણાશંકર રહે ડભોઈ ।
કણબી કુબેર મનોહર કહીયે, રૂડા ભક્ત એ વસે વસૈયે ॥૪૨॥
દ્વિજભક્ત કહીએ પ્રભુરામ, એહાદિ જન કરધરે ગામ ।
કણબી ભક્ત વેણીદાસ કાવે, એહાદિ જન રહે ઢોલાવ્યે ॥૪૩॥
દ્વિજભક્ત છે ભુદેવભાઈ, કહીએ જન એ કુંઠેલામાંઈ ।

કણબી ભક્ત મેઘજી જાણો, ગામ પારીખે જન પ્રમાણો ॥૪૪॥
દ્વિજ ભક્ત જાદવ હરિભાઈ, છતા ભક્ત છે છતરાલ્યમાંઈ ।
દ્વિજભક્ત છે લક્ષ્મીરામ, કાજુ ભક્ત રહે કારવણ ગામ ॥૪૫॥
કણબી ભક્ત છે રણછોડભાઈ, રાયજી નથુ વેરીભા દેસાઈ ।
ત્રિકમ ભક્ત કહીએ સખીદાસ, એહાદિ જન કરમાલે વાસ ॥૪૬॥
કણબી ભક્ત રણછોડ નાનોજી, ભીખો લાલો ને નારણ બાજી ।
ભક્ત બાઈ ભાઈ એહ આદ્યે, ભજે હરિ રહે ઉતરાદ્યે ॥૪૭॥
કણબી ભક્ત છે તુલજો તેહ, રહે ગામ દિવેરમાં એહ ।
કણબી ભક્ત પુરુષોત્તમ કહીએ, શેઠ હીરો ને કુબેર લહીએ ॥૪૮॥
એહ રહે રણાપુરમાંઈ, ભજે શ્યામસુંદર સુખદાઈ ।
હરિભાઈ કણબી પાવન, વસતો હરખો હરિજન ॥૪૯॥
એહાદિ સતસંગીની ટોળી, ભજે હરિ રહે ગામ દેરોળી ।
કણબી ભક્ત કહીએ કાશીદાસ, એહાદિ જન પાણેથે વાસ ॥૫૦॥
કણબી ભક્ત જોરોભાઈ જન, પુરુષોત્તમ ભીખો પાવન ।
વળી ભક્ત એક વણારશી, એહ જન રાજપરાવાસી ॥૫૧॥
દલો બાજી કેશવ જેરામ, કણબી ભક્ત રહે ગામ ભદામ ।
દ્વિજભક્ત કહીએ સુખરામ, કાજુ ભક્ત રહે કન્યાળી ગામ ॥૫૨॥
ભક્ત કણબી કહીએ રાયજી, વસે ગામ ઝાંઝર માંયજી ।
દ્વિજભક્ત છે ગોવિંદરામ, કણબી તુલજો નરોત્તમ નામ ॥૫૩॥
એહાદિ જન રહે સેણાપરે, ભલી ભક્તિ પ્રભુજીની કરે ।
શેઠ ખુશાલ ભક્ત પાવન, તુલસી નારાયણ હરિજન ॥૫૪॥
દ્વિજ કૃષ્ણજીને સતસંગ, એહાદિ જન ગામ સારંગ ।
દ્વિજભક્ત માહેશ્વર નામ, ભજે હરિ રહે મિત્રજ ગામ ॥૫૫॥
કણબી ભક્ત પ્રભુદાસ જેહ, રણછોડ નરહર તેહ ।
ભક્ત શેખ વસતો હરિભાઈ, નથુ આદિક અલદરમાંઈ ॥૫૬॥
જન કણબી જેરામ દલા, ભક્ત હરિના બોરીયે ભલા ।
પ્રભુદાસ કણબી પાવન, ગામ સલાદરે હરિજન ॥૫૭॥

કણબી જન છે ભૂધર આદ્યે, વસે ભક્ત એ ગામ પિસાદે ।
કણબી ભક્ત છે ભગતિભાઈ, વસે જન ઝાડેસરમાંઈ ॥૫૮॥
જેને ઘેર પધાર્યા મોરાર, નિર્ખિ સુફળ કર્યો અવતાર ।
જેજે લખાણા છે આમાં જન, તેને છે શ્રીહરિનું દર્શન ॥૫૯॥

પૂર્વછાયો- જેજે કહ્યાં જીભે કરી, જન વિચારીએ જેહ ।
કહેતાં લાજે કવિ મને, વળી એમાં નહિ સંદેહ ॥૬૦॥
રવિ શશિની કિરણને, કોણ લેખી લેશે પાર ।
એમ જન છે આજનાં, અગણિત ને અપાર ॥૬૧॥

ઇતિ શ્રીમદેકાન્તિકધર્મ પ્રવર્તક શ્રીસહજાનંદસ્વામિ શિષ્ય
નિષ્કુળાનંદમુનિ વિરચિતે ભક્તચિંતામણિ મધ્યે વાકળદેશના
હરિજનનાં નામ કહ્યાં એ નામે એકસો ને ચોવીશમું પ્રકરણમ્ ॥૧૨૪॥